EDII

Sandesh (Citylife)

November 23, 2017
Page No.1

My Campus

ઓન લાઇન બિઝનેસમાં ઘણી તકો રહેલી છે

# EDIIમાં યોજાયો બુસ્ટ યોર બિઝનેસ સેમિનાર

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા દ્વારા બુસ્ટ યોર બિઝનેસ કાર્યક્રમ અંતર્ગત ૭૦૦ ઉદ્યોગ સાહસિકોને ખાસ ટ્રેનિંગ આપવામાં આવી હતી. ઇ.ડી.આઇ.આઇ. ખાતે યોજાયેલા સેમિનારમાં પાર્ટિસિપન્ટ્સને સોશિયલ મીડિયાનો પાવર અને તના વિવિધ પ્લેટફોર્મનો કઇ રીતે ઉપયોગ કરી શકાય તે બાબતો સમજાવવામાં આવી હતી. સાથે જ તમારી માર્કેટિંગ સ્કિલનો ઉપયોગ કરીને તમે ઓન લાઇન પ્લેટફોર્મ પર કઇ રીતે ઓન લાઇન ટ્રાફિક એટ્રેક્ટ કરી શકશો તેની વિવિધ ટ્રીક પણ સમજાવવામાં આવી હતી.. સેમિનાર દરમિયાન ઇ.ડી.આઇ.આઇના ડાયરેક્ટર ડો. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, અત્યારનો સમય તમારા બિઝનેસ માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ ખૂબ જ જરૂરી છે. તમારા ક્લાયન્ટ તમને સોશિયલ મીડિયા દ્વારા પણ મળશે. માટે આ એક સબળ માધ્યમ બની રહ્યો છે. વર્કશોપ વિશે વાત કરતા ફેકલ્ટી નિરાલી પંડિતએ જણાવ્યું હતું, આ સેમિનારમાં ઓન લાઇન સ્ટ્રેટેજીને લઇને પાર્ટિસિપન્ટ્સને સમજાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત ફ્રી માં ક્યાં ઓનલાઇન ટૂલ્સનો ઉપયોગ કરી શકીએ છીએ તે પણ સમજાવાયું હતું..